નામ : યાદવ અન્નુ રાકેશભાઈ

રોલ : ન : 120

વિષય : અર્થશાસ્ત્ર

કોડ : MJ-BAF-101 COC

સહિ : Annu

પ્રશ્ન 1  બેંક નો અર્થ આપી, બેંકના વિવિધ પ્રકારો સમજાવો.

## પ્રસ્તાવના

બેંક એ એવી નાણાકીય સંસ્થા છે જે લોકો પાસેથી જમા રકમ સ્વીકારે છે જરૂરિયાતમંદોને લોન આપે છે અને ચુકવણી, ટ્રાન્સફર ચલણ વગેરે જેવી નાણાકીય સેવાઓ પૂરી પાડે છે.

માંગવામાં આવે ત્યારે નાણા પરત કરવાની શરતે ધિરાણ કરવાના હેતુથી બચતો એકઠી કરતી સંસ્થાને બેન્ક કહે છે.

બેંક એટલે નાણાંના હેતુથી કાર્ય કરતી એવી ધંધાકીય સંસ્થા જે પ્રજાની બચતોને થાપણો તરીકે સ્વીકારે, તેના બદલામાં વ્યાજ આપે, તે થાપણો સાચવે વળી તે થાપણોમાંથી જે લોકોને જરૂર હોય તેમને ધિરાણ આપે અને ધિરાણ સામે વ્યાજ વસૂલ કરે તથા અતિરિક્ત નાણાંનું દેશના વિકાસ માટે વિવિધ ક્ષેત્રોમાં રોકાણ પણ કરે છે. ટૂંકમાં અર્થતંત્રમાં બેંકો દ્વારા નાણાની હેરફેર નાણાનું વ્યાપ છે, નાણું પડી રહે એટલે કે તેની એક પ્રવૃત્તિમાંથી બીજી પ્રવૃત્તિમાં સતત હેરફેર થતી ન રહે તો નાણાંકી પડી રહેલાં જથ્થાનું મૂલ્ય ભવિષ્યના ગાળામાં ઓછું થતું જાય છે. ફરતા નાણાંનું મૂલ્ય વધતું રહે છે.

સામાન્ય રીતે બેન્કો ના બે પ્રકાર હોય છે.

① વેપાર બેન્ક
ભારતમાં 1949 બેંકિંગ કંપનીધારા મુજબ

વેપારી બેન્ક એટલે એવી સંસ્થા કે બેંકિંગ અંગેના વ્યવહારો કરે એટલે કે દેશમાં રોકાણ વધારવા માટે પ્રજાની થાપણો સ્વીકારે જે ગ્રાહકને જરૂર પડે ત્યારે પાછી મળે અને જેમાંથી ચેક. ડ્રાફ્ટ પે - ઓર્ડર વગેરે દ્વારા ઉપાડ થઈ શકે.

વેપાર બેન્કનાં મુખ્ય કાર્યો:

① થાપણો સ્વીકારવી : પ્રજા પાસે રહેલી બચતોને → બેંક સ્વીકારે છે અને તેને થાપણના સ્વરૂપે સાચવે છે. વળી પ્રજાની બચતો પોતાની પાસે રાખે એટલે તેમને વ્યાજ ચૂકવે છે. બીજા શબ્દોમાં કહીએ તો થાપણોના સ્વરૂપે પ્રજા બેન્કને ધિરાણ આપે છે. તેના બદલામાં બેન્ક વ્યાજ ચૂકવે છે.

(i) ચાલું ખાતાની થાપણો: આ ખાતું ધંધા પેઢી કે વ્યક્તિના નામે ખોલાવવામાં આવે છે. એમાં રખાતી થાપણો નાણું બધા પ્રકારની થાપણો કરતાં વધું તરલ હોય છે. ધંધા માટે દિવસમાં જેટલી વાર ઉપાડ કરવો હોય, તેટલી વાર ઉપાડ થઈ શકે છે.

(ii) બચત ખાતાની થાપણો: આ થાપણો પણ બચત ખાતાની થાપણોનો એક પ્રકાર છે જે વ્યક્તિઓ એક સાથે બચત કરવા ન ઈચ્છતી હોય કે ન કરી શકતી હોય તેવી વ્યક્તિઓ દર મહિને અમુક સમયગાળા દરમિયાન કોઈ ચોક્કસ રકમ આ ખાતામાં જમા કરાવતી રહે છે.

Date 3
Page

(2) ધિરાણની સવલતો પૂરી પાડવી: અર્થતંત્રમાં ધંધા માટે કે અન્ય કારણો માટે રોકાણકર્તાઓને, વ્યક્તિઓને ખેડૂતોને તથા અન્ય વર્ગના લોકોને નાણાંની જરૂર પડે ત્યારે તેઓ બેન્કો પાસે ધિરાણ લે છે. બેન્ક વ્યાજ લઈને વિવિધ પ્રકારનું ધિરાણ એટલે 1 વર્ષ સુધીનું મધ્યમ ગાળાનું. મધ્યમ ગાળાનું કે લાંબા ગાળાનું હોઈ શકે.

(3) ચૂકવણી અને ઉપાડની સવલત પૂરી પાડવાની કામગીરી: બેન્ક ગ્રાહકોને સરળતાથી નાણાંની ચૂકવણી અને ઉપાડની સવલત વિવિધ રીતે પૂરી પાડે છે. જેમાં ચેક, ઉપાડ સ્લીપ, ડ્રાફ્ટ, પે-ઓર્ડર, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ ઇન્ટરનેટ બેન્કિંગ ATM વગેરે. સુવિધાઓનો સમાવેશ થાય છે.

(4) શાખસર્જનની કામગીરી: નાણાંનો પુરવઠો નાણાંની માંગને અનુરૂપ રહે તે માટે બેન્કો શાખસર્જનનું કાર્ય કરે છે. શાખસર્જન દ્વારા પ્રવર્તમાન નાણાંનો જથ્થામાંથી નવા નાણાંનું સર્જન થાય છે, એટલે કે નાણાંનો પુરવઠો વધે છે. જ્યારે શાખસર્જનની પ્રવૃત્તિ વધે ત્યારે નાણાંનો પુરવઠો વધે અને જ્યારે શાખસર્જનની પ્રવૃત્તિ ઘટે ત્યારે નાણાંનો પુરવઠો ઘટે છે.

વ્યાપણાની પૂરેપૂરી રકમ જેટલું ધિરાણ કોઈ પણ બેન્ક કાયદા અનુસાર આપી શકતી નથી. દરેક થાપણના અમુક ટકા અનામત રાખીને બાકીની રકમમાંથી જ ધિરાણ આપવામાં આવે છે. જેને રોકડ અનામતનું પ્રમાણ કહે છે.

(5) આંતર બેંકિંગ વ્યવહારો કરવા: એક બેન્ક બીજી બેન્કની ટૂંકા કે લાંબા સમય માટે ધિરાણ પૂરું પાડતી હોય છે. ટૂંકા ગાળાનું ધિરાણ એક બેન્ક બીજી બેન્કને મધ્યવર્તી બેંક દ્વારા આપે છે. આને આને Call money કહેવાય છે. તેની ઉપર લેવાતા વ્યાજના દરને Call money rate કહેવાય છે.

(1) RBI નાં બિનનાણાકીય કાર્યો:

(1) નિયમન અને દેખરેખની કામગીરી: RBI ભારતનાં સમગ્ર મૂડીબજાર અને નાણાબજારની નિયમન કરે છે જેમાં વેપારી બેન્કોની શાખાઓના વિસ્તરણ, કામ કરવાની પદ્ધતિ બેન્કો સિવાયની નાણાકીય સંસ્થાઓ તથા સહકારી બેન્કોની કામગીરી વગેરે પર ખાસ ધ્યાન રાખે છે.

(2) પ્રોત્સાહન કાર્યો: આપણા દેશમાં આજે પણ અનેક લોકોએ બેન્કનાં ખાતાં ખોલાવ્યા નથી. ઘણા લોકો તેમની ધિરાણ માટેની જરૂરિયાતો માટે અસંગઠિત નાણાબજાર પર આધારિત છે ધંધાની ચૂકવણીઓ રોકડા વ્યવહારે કેશ દ્વારા કરે છે જેથી વિનિમયની ખરી નોંધ થઈ શકતી નથી અને તેથી નાણાનું મૂલ્ય તેમજ રાષ્ટ્રીય આવક વાસ્તવ પ્રમાણમાં જાણવાની મુશ્કેલીઓ થાય છે આથી RBI લોકોમાં આ અંગેની જાગૃતિ લાવવા માટે પ્રયત્નો કરે છે.

(3) સમાવેશી વિકાસ માટેનાં કાર્યો: ભારતમાં આર્થિક ભિન્નતા તથા ગ્રામીણ-શહેરી ભિન્નતા વધુ હોવાનું કારણો જ્યારે નાણાકીય અથવા તો આર્થિક પરિવર્તનો આવે ત્યારે દરેક વર્ગના લોકો અને ક્ષેત્રોમાં આ પરિવર્તનો લાભ મળવો જરૂરી છે.

RBI આ માટે બેન્કિંગ ક્ષેત્રે સતત પ્રયાસો કરતી રહી છે. ધિરાણ માટેની અગ્રતા ધરાવતાં ક્ષેત્રો જેવા કે ખેતી નાના, કદના ઉદ્યોગો, સ્વરોજગારી તેમજ પરંપરાગત ગૃહ ઉદ્યોગો વગેરે માટે ખાસ ધિરાણ વ્યવસ્થા ઊભી કરે છે.

પ્રશ્ન 2 આર. બી. આઈની નાણાકીય નીતિ વિસ્તૃત રીતે સમજાવો.

## પ્રસ્તાવના

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા RBI ભારતનું કેન્દ્રીય બેંક છે જે 1935 માં સ્થાપિત થયું હતું. તેનું મુખ્ય કાર્ય ભારતની આર્થિક સ્થિરતા જાળવવાનું છે જેમા નાણાકીય નીતી (Monedary Policy) એક મહત્વપૂર્ણ ભાગ છે. નાણાકી નીતિ દ્વારા RBI આર્થિક વૃદ્ધિ મોંઘવારી Inflation ના નિયંત્રણ રોજગારી અને નાણાકીય ક્ષેત્રની સ્થિરતા પર અસર કરે છે. આ નીતિ RBI ની મોનેટરી પોલીસી કમિટી MPC દ્વારા નક્કી કરવામાં આવે છે. જે 2016 માં સ્થાપેલી છે અને તેમાં વલ્યા હોય છે. (3 RBI અને 3 સરકારી નોમિનેટેડ)

## નાણાકીય નીતિ શું છે?

નાણાકીય નીતિ એ એક એવા સાધનોનો સમૂહ છે જેનો ઉપયોગ રાષ્ટ્રની મધ્યસ્થ બેંક દ્વારા બેંકદર નાણાં પુરવઠાને નિયંત્રીત કરવા અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવે છે

# નાણાકીય નીતિના પ્રકારો:

નાણાકીય નીતિના ત્રણ પ્રકારો છે.

→ વિસ્તારવાદી નાણાકીય નીતિ
→ સંકોચવાદી નાણાકીય નીતિ
→ તટસ્થ નાણાકીય નીતિ

આ નાણાકીય નીતિઓના પ્રકારો દેશના આંતરિક અર્થતંત્ર ઉપર અને અન્ય દેશો સાથેના આર્થિક વેપાર ઉપર અલગ - અલગ અસરો ઉત્પન્ન કરે છે.

## વિસ્તારવાદી નાણાકીય નીતિ

| લક્ષણ | વર્ણન |
| --- | --- |
| ઉદ્દેશ્ય | આર્થિક વૃદ્ધિ વધારવી, બેરોજગારી ઘટાડવી મંદી દૂર કરવી. |
| સાધનોનો ઉપયોગ | રિપો રેટ ઘટાડો, CRR/SLR ઘટાડો, OMO દ્વારા બોન્ડ ખરીદી, રિવર્સ રિપો ઘટાડો |
| અસર | લોન સસ્તી - રોકાણ અને વધે. ઉદ્યોગો ચાલે GDP વૃદ્ધિ. |
| જોખમ | મોંઘવારી વધી શકે જો વધુ પડતું થાય. |

# નાણાકીય નીતિના મુખ્ય ઉદ્દેશો

1 મોંઘવારી નિયંત્રણ: RBI નો પ્રાથમિક ધ્યેય 4% મોંઘવારી (CPI) આધારિત જાળવવાનો છે. જેનો +2% ટોલરન્સ છે. આ 2016 ના નાણાકીય નીતિ ફ્રેમવર્ક હેઠળ નક્કી થયું છે.

2 આર્થિક વૃદ્ધિ: GDP વૃદ્ધિને પ્રોત્સાહન આપવું ખાસ કરીને નબળી વૃદ્ધિના સમયે

3 નાણાકીય સ્થિરતા: બેંકોમાં પૂંજીની પર્યાપ્તતા લિક્વિડિટી અને નાણાકીય ક્ષેત્રનું જોખમ ઘટાડવું

4) રોજગારી અને વિનિમય દર: રોજગારી વધારવી અને રૂપિયાના મૂલ્યને સ્થિર રાખવું

# નાણાકીય નીતિના સાધનો.

o રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) તેની નાણાકીય નીતિને અમલમાં મૂકવા માટે પ્રત્યક્ષ અને પરોક્ષ સાધનોનો ઉપયોગ કરે છે આ સાધનો દ્વારા RBI લિક્વિડિટી પૈસાનો પુરવઠો વ્યાજ દરો અને બેંકોની ક્રેડિટ આપવાની ક્ષમતાને નિયંત્રિત કરે છે.

## મોનેટરી પોલિસી કમિટી (MPC)

→ રચના: ગવર્નર ચેરપર્સન, ડેપ્યુટી ગવર્નર અને 4 નિષ્ણાતો સરકાર દ્વારા નોમિનેટ

→ બેઠકો: વર્ષમાં 6 વખત બે મહિને એક વાર. નાણાકીય નીતિના રિઝોલ્યુશન પર મતદાન થાય છે

- ઓછા વ્યાજદરથી લોન સસ્તી થાય છે પરંતુ રોકાણ ઘટે છે.

6. બેંકિંગ અને નાણાકીય સ્થિરતા

→ CRR, SLR જેવા સાધનોથી બેંકોની લિક્વિડિટી નિયંત્રિત થાય છે.

→ અતિ વિસ્તરણથી નાણાકીય અસ્થિરતા જેમ કે બબલ થઈ શકે છે

## નાણાકીય નીતિની સામાન્ય લોકો પરની અસરો

| અસરનું ક્ષેત્ર | વિસ્તરણકારી નીતિ (દર ઘટે) | સંકોચનકારી નીતિ (દર વધે). |
|---|---|---|
| લોન અને EMI | હોમ/કાર લોન/EMI ઘટે 50 લાખની લોન પર 500-1000 મહિને બચત | EMI વધે - બોજો વધે. |
| બચત અને FD | બચતખાતા/FD પર વ્યાજ ઘટે, બચતનું વળતર ઓછું | FD પર વ્યાજ વધે, વરિષ્ઠ નાગરિકોને ફાયદો. |
| ખર્ચ અને ખરીદી | સસ્તી લોન- કાર- ઘર મોબાઈલની ખરીદી વધે | મોંઘી લોન - ખર્ચ, ઘટે, બજાર બગડે |
| નોકરી અને આવક | વ્યવસાય વધે - નોકરીઓ વધે, પગાર વધારો | મંદી - છટણી, પગાર ફ્રીઝ |
| ફુગાવો અને કિંમતો | વસ્તુઓ મોંઘી - દાળ શાકભાજીના ભાવ વધે | કિંમતો ઘટે - બજેટમાં રાહત |
| શેરબજાર / મ્યુચ્યુઅલ ફંડ | રોકાણ વધે- બજાર ઉછળે | રોકાણ ઘટે- બજાર ઘટે. |

નાણાકીય નીતિના વિવિધ અસરો.

નાણાકીય નીતિ Monetary Policy એ કેન્દ્રીય બેંક જેમ કે ભારતમાં RBI દ્વારા અપનાવવામાં આવતી નીતિ છે જેમાં પૈસાના પુરવઠા વ્યાજદર અને ક્રેડિટના પ્રવાહને નિયંત્રિત કરીને અર્થતંત્રને પ્રભાવિત કરવામાં આવે છે તેની અર્થતંત્ર પરની મુખ્ય અસરો.

① આર્થિક વૃદ્ધિ. Economic Growth

→ વિસ્તરણકારી નીતિ: Expansionary Policy: વ્યાજદર ઘટાડીને અને પૈસાનો પુરવઠો વધારીને રોકાણ અને ખર્ચ વધે છે. જેનાથી GDP વૃદ્ધિ થાય છે.

→ સંકોચનકારી નીતિ: Contractionary Policy વ્યાજદર વધારીને ખર્ચ અને રોકાણ ઘટાડે છે જે વૃદ્ધિને ધીમી પાડી શકે છે.

② ફુગાવો:

→ નીચા વ્યાજદરથી માંગ વધે છે જેનાથી ફુગાવો વધી શકે છે.

③ બેરોજગારી:

→ વિસ્તરણકારી નીતિથી વ્યવસ્થા વધુ રોકાણ કરે છે જેનાથી નોકરીઓ વધે છે અને બેરોજગારી ઘટે છે

④ વિનિમય દર:

→ ઊંચા વ્યાજદરથી વિદેશી મૂડી આકર્ષાય છે જેનાથી રૂપિયો મજબૂત થાય છે.

## નાણાકીય નીતિની આયાત અને નિકાસકારો પરની અસરો:

→ નાણાંકીય નીતિ Monetary Policy મુખ્યત્વે વિનિમય દર Exchange Rate વ્યાજદર અને અર્થતંત્રની માંગને પ્રભાવિત કરીને આયાત અને નિકાસ પર અસર કરે છે તેની અસર વિસ્તરણકારી Exports અને સંકોચનકારી નીતિ પર આધારિત છે. નીચે વિગતવાર સમજાવું છું

1. વિનિમય દર પર અસર પ્રાથમિક અસર

- વિસ્તરણકારી નીતિ નીચા વ્યાજદર

વિદેશી મૂડી બહાર વહે છે, જેનાથી સ્થાનિક કરન્સી જેમ કે રૂપિયો નબળો પડે છે.

- નિકાસકારો માટે: નિકાસ સસ્તી થાય છે, વિદેશી બજારમાં સ્પર્ધા વધે છે → નિકાસ વધે, નફો વધે.
- આયાતકારો માટે: આયાત મોંઘી થાય છે. → ખર્ચ વધે માર્જિન ઘટે અથવા આયાત ઘટે.

સંકોચનકારી નીતિ ઊંચા વ્યાજદર

વિદેશી મૂડી આકર્ષાય છે, જેનાથી કરન્સી મજબૂત થાય છે.

→ નિકાસકારો માટે: નિકાસ મોંઘી થાય છે, વિદેશી બજારમ

Date 12
Page

સ્પર્ધા ઘટે - નિકાસ ઘટે

→ આયાતકારો માટે :- આયાત સસ્તી થાય છે → અર્થ ઘટે, માર્જિન વધે અથવા આયાત વધે.

- **માંગ અને ફુગાવો પર અસર.**

- વિસ્તરણકારી નીતિ : અર્થતંત્રમાં માંગ વધે છે જેનાથી સ્થાનિક વસ્તુઓની માંગ વધે સ્થાનિક પુરવઠો અપૂરતો હોય, પરંતુ ફુગાવો વધે તો નિકાસકારોના ખર્ચ વધે

- સંકોચનકારી નીતિ: માંગ ઘટે છે; → આયાત ઘટે ઓછા વપરાશથી, ફુગાવો નિયંત્રણમાં રહે તો નિકાસકારોને સ્થિર કિંમતોનો લાભ મળે.

- ક્રેડિટ અને રોકાણ પર અસર

નીચા વ્યાજદરથી લોન સસ્તી થાય છે - નિકાસકારો અને આયાતકારો બંને વ્યવસાય વિસ્તારી શકે, પરંતુ વિનિમય દરની અસર વધુ પ્રબળ હોય છે.

- ઊંચા વ્યાજદરથી ક્રેડિટ મોંઘું થાય છે → વ્યવસાયોના વિસ્તારમાં અડચણ જે આયાત-નિકાસની અસર કરે છે.